અપીલ અરજી નં.૪૦૫ તા.૧૯–૨–૧૦

અરજદારઃ– શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨–૧–૧૦ ની અરજીથી (૧) ૨૯–૩૦ પ્રમુખપાર્કની સામે ઉધના પાંડેસરા સુરત બાંધકામ ચાલુ છે.(૨) સાંઈ સિલેકશનની બાજુની ઉપર તથા તેની જ ઉપર હરીનગર–૨ ની ગલી પહેલું બીલ્ડીંગ બાંધકામ ચાલુ છે. (૩) કનૈયા ડેરી એન્ડ ફાર્મ, કોલોની રોડ, ગુ.હા.બોર્ડ ગોપાલનગર સોસાયટીની સામે પાંડેસરા સુરત.(૪) ૧૭૨ ગોપાલનગર ગુ.હા.બોર્ડ રોડ પાંડેસરા આપે આપેલ માહિતી પ્રમાણે આ બાંધકામ અટકાવેલ તો પૂર્ણ કઈ રીતે થયુ તેની તમામ અંગે માહિતી આપવી સદર ત્રણ જગ્યાએ બાંધકામ ચાલુ છે તેની જમીનની કાયદેસરતા,બાંધકામ પરવાનગી, માળ, ક્ષેત્રફળ, પાર્કીગ તમામ માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૧૯–૨–૧૦ ની અપીલ અરજી નં.૪૦૫/૨૦૦૯–૧૦

શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટની તા.૧૨–૧–૧૦ ની અરજી બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક/૮૩ તા.૧૭–૨–૧૦ થી નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી તથા તેઓને તે મળેલ પણ નહીં હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૯–૨–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૭૩ તા.૨–૩–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન) તથા અરજદારને જાહેર માહિતી અધિકારીનો તા.૧૭–૨–૧૦ નો પત્ર મળેલ છે કે કેમ? તે અંગે જો કોઈ નારાજગી હોય તો સ્પષ્ટતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૦–૩–૧૦ ના પત્રથી આવી કોઈ માહિતી સમય મર્યાદામાં ન મળવાથી અપીલ અરજી કરવામાં આવેલ છે તેવું જણાવેલ છે. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૧૪૨ તા.૧૧–૩–૧૦ થી અરજદારની મુળ અરજી અને અરજદારને આપવામાં આવેલ જવાબ નં.સા.ઝોન/ટેક./૮૩ તા.૧૭–૨–૧૦ ના પત્રની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૧૨–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.ઝોન/ટેક./૮૩ તા.૧૭–૨–૧૦ થી અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી આપવામાં આવેલ છે. જેમાં મુદ્દા નં. (૧) ૨૯–૩૦ પ્રમુખપાર્કની સામે ઉધના પાંડેસરા સુરત બાંધકામ ચાલુ છે. તેની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી પ્રમુખપાર્ક ઈન્ડ. એસ્ટેટનો લે આઉટ પ્લાન નં.ટીડીઓ/૮૩ તા.૧૧–૭–૦૨ થી મંજુર કરવામાં આવેલ છે. પ્રમૃખપાર્કમાં પ્લોટ નં.૨૯, ૩૦ ની સામે આવેલ પ્લોટ નું બાંધકામનું ક્ષેત્રફળ મંજુર પ્લાન મુજબ ૧૪૨.૨૯ ચો.મી.છે. મંજુર લે આઉટ પ્લાનમાં ગ્રાઉન્ડ ફલોર વત્તા પ્રથમ માળનું બાંધકામ દર્શાવેલ છે. તેવી માહિતી આપવામાં આવેલ છે. (૨) સાંઈ સિલેકશનની બાજુની ઉપર તથા તેની જ ઉપર હરીનગર–૨ ની ગલી પહેલું બીલ્ડીંગ બાંધકામ ચાલુ છે. તેવી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી સાંઈ સીલેકશનની બાજુની ઉપર જર્જરિત હયાત ગ્રાઉન્ડ ફલોર વત્તા પહેલા માળનું મકાન તોડીને તે જગ્યા પર બાંધકામ ચાલુ હતું. જે ઉધનાઝોન તરફથી બંધ કરાવવામાં આવેલ છે તથા સાંઈ સીલેકશનની ઉપરના બાંધકામ માટે ઉધનાઝોન તરફથી કોઈ વિકાસ પરવાનગી આપવામાં આવેલ નથી તથા તે બંધ કરાવવામાં આવેલ હતું. તેવી માહિતી આપેલ છે. (૩) કનૈયા ડેરી એન્ડ ફાર્મ, કોલોની રોડ, ગુ.હા.બોર્ડ ગોપાલનગર સોસાયટીની સામે પાંડેસરા સુરત. તેવી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી તરફથી કનૈયા ડેરી એન્ડ ફાર્મ હયાત ગ્રાઉન્ડ ફલોર વત્તા પહેલામાળની ઉપરના બાધંકામ માટે ઉધનાઝોન તરફથી કોઈ પરવાનગી આપવામાં આવેલ નથી તેવી માહિતી આપેલ છે. (૪) ૧૭૨ ગોપાલનગર ગુ.હા.બોર્ડ રોડ પાંડેસરા આપે આપેલ માહિતી પ્રમાણે આ બાંધકામ અટકાવેલ તો પૂર્ણ કઈ રીતે થયુ તેની તમામ અંગે માહિતી આપવી સદર ત્રણ જગ્યાએ બાંધકામ ચાલુ છે તેની જમીનની કાયદેસરતા,બાંધકામ પરવાનગી, માળ, ક્ષેત્રફળ, પાર્કીગની જાહેર માહિતી અધિકારી તરફથી ૧૭૨, ગોપાલનગર સ્થળ તપાસ કરતાં કોઈ બાંધકામ ચાલુ નથી. તેવી માહિતી આપવામાં આવેલ છે. અરજદારને મુદ્દા નં.૧ થી ૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી પૂરી પાડવામાં આવેલ છે પરંતુ અરજદારે સમય મર્યાદામાં કોઈ માહિતી કે નિર્ણય મળેલ નથી માટે અપીલ અરજી કરવામાં આવેલ છે તેવું જણાવી તા.૧૯–૨–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જાહેર માહિતી અધિકારી તરફથી દિન–૭ ના વિલંબથી માહિતી પૂરી પાડેલ છે. પરંતુ અરજદારે અપીલ તબકકે પણ તા.૧૧–૩–૧૦ ના પત્રમાં માહિતી નહીં મળ્યાનું જણાવેલ છે.

વધુમાં અરજદારે પરવાનગી ન આપી હોય તો જે તે અધિકારીઓના નામ સાથે માહિતી માંગેલ છે જે માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અપાયેલ જણાતી નથી. આરટીઆઈ એકટની કલમ–૪ હેઠળ અધિકારીની ફરજો અને કાર્યોની માહિતી સ્વયં જાહેર કરવા યોગ્ય કક્ષામાં આવે છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ  કરવામાં આવે છે.

અરજદારની તા.૧૨–૧–૧૦ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી  પૈક નહીં પૂરી પડાયેલ " અધિકારીઓના નામ" ની માહિતી સહિત  પૂર્વ પાઠવેલ પ્રત્યુત્તરની નકલ  દિન–૭ માં આરટીઆઈ એકટની  કલમ–૭(૬)  હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ અરજદારને પૂરી પાડવા  કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી  (ઉધના ઝોન)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/<br>
તારીખ :  –૩ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),<br>
અને એપેલેટ ઓફિસર<br>
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,<br>
(૧)  કાર્યપાલક ઈજનેર  અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન),..જાણ તથા અમલ માટે<br>
(૨) શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ